શહેરમાં કમોસમી વરસાદ સાથે ફરી વિચિત્ર વાતાવરણ

દિવસમાં બે વાર કમોસમી વરસાદ થતાં રોગચાળો વધુ વકરવાની ભીતિ : દિવસનું મહત્તમ તાપમાન સાડા ત્રણ ડિગ્રી ઘટ્યું જ્યારે રાત્રીના લઘુત્તમ તાપમાનમાં પાંચ ડિગ્રીનો વધારો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં ફરી એકવાર વાતાવરણમાં વિષમતા પેદા થવા પામી છે. એક તરફ શહેરમાં દિવસની ઠંડીમાં એક જ દિવસમાં સાડા ત્રણ ડિગ્રીનો વધારો થયો છે ત્યારે બીજી તરફ રાત્રીના ઠંડીમાં પાંચ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે. વળી, આ સાથે આજે શહેરમાં બે વખત કમોસમી વરસાદ થવા સાથે દિવસભર આકાશ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું. કમોસમી વરસાદ સાથે જ શહેરમાં પહેલેથી જ વકરેલી બિમારીઓનું જોર ખૂબ વધી જવાની શક્યતા પેદા થવા પામી છે.

શહેરમાં તા. ૧૭મી નવેમ્બર બુધવારે દિવસે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિગ્રી સે. નોંધાયુ હતુ જે આજે સાડા ત્રણ ડિગ્રી જેટલું ગગડીને ૨૬ ડિગ્રી સે. નોંધાવા પામ્યું છે. જેના કારણે દિવસની ઠંડીમાં તીવ્ર વધારો થયો હોવાનું અનુભવાઈ રહ્યું છે. બીજી તરફ રાત્રીનું તાપમાન લઘુત્તમ ૧૬.૫ ડિગ્રી સે. નોંધાયુ હતુ જે ગઈકાલે રાત્રે વધીને ૨૧.૫ ડિગ્રી સે. નોંધાતા રાત્રીના સમયે ઠંડીનું જોર પાંચ ડિગ્રી જેટલું ઘટી જવા પામ્યું છે. આમ એક જ માસમાં લગભગ આ ત્રીજીવાર એવી સ્થિતિ સર્જાઈ છે જેમાં દિવસનું તાપમાન ઘટ્યું હોય અને રાત્રીનું તાપમાન વધ્યું હોય. આજે સવારે આશરે ૧૧ વાગ્યાના સુમારે શહેરમાં કમોસમી વરસાદનું હળવું ઝાપટું વરસ્યું હતું અને બપોર પછીના સમયે પણ ફરી વસસાદની એન્ટ્રી થઈ હતી. આમ દિવસમાં બે વાર થઈને કુલ ૧ મી.મી. જેટલો વરસાદ શહેરમાં વરસ્યો હતો. શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે જે ૫૪ ટકા જેટલુ હતું તે માવઠાના કારણે સાંજ સુધીમાં ભેજનું પ્રમાણ વધીને ૮૮ ટકા જેટલું થઈ જવા પામ્યું હતું. કમોસમી વરસાદના પગલે શહેરમાં મચ્છરનો ઉપદ્રવ વધશે જેના કારણે મચ્છરજન્ય રોગોનું પ્રમાણ પણ વધશે તેમજ વિષમ વાતાવરણને પગલે વાહકજન્ય રોગચાળામાં પણ વધારો થશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

ખેડૂતો સાથે લગ્ન સમારંભોના આયોજકો પણ ચિંતામાં મુકાયાં

ગાંધીનગર શહેર તથા જિલ્લામાં કમોસમી વરસાદ થતાં જ કપાસ, મગફળી સહિતના લગભગ તૈયાર પાકોમાં નુકસાની થવાની શક્યતાથી ખેડૂતવર્ગમાં ચિંતાનું મોજુ પ્રસરવા પામ્યું છે. જિલ્લાના અનેક ખેડૂતોનો લણેલો કપાસ અને મગફળીનો પાક અચાનક થયેલાં માવઠાથી પલળી જવા પામ્યો હતો. આ સાથે શહેર તથા જિલ્લામાં અત્યારે લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી છે જેમાં પણ વરસાદી વિઘ્ન આવતાં લગ્ન સમારંભોના આયોજકો પણ ચિંતામાં મુકાયાં છે. ખુલ્લાં રંગમંચ કે પાર્ટી પ્લોટમાં વરસાદના પગલે કાદવ કિચડની સમસ્યા ઉભી થવાથી લગ્નસમારંભોમાં મુશ્કેલી નડી શકે છે.

સ્માર્ટ રોડ પ્રોજેક્ટની ગુણવત્તા ચકાસણી કરાશે

ગુણવત્તા ચકાસણીની કામગીરી આગામી એકાદ બે દિવસમં થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલ સ્માર્ટ રોડ પ્રોજેક્ટની પણ મનપાના અધિકારીઓએ મુલાકાત લઈ અને સમીક્ષા કરી હતી.

મળતી વિગતો મુજબ આ રોડ પ્રોજેક્ટ દરમ્યાન ગુણવત્તા ચકાસણીનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો અને તંત્રએ આ માટે તૈયારીઓ દર્શાવી હતી. હવે આ સ્માર્ટ રોડની ગુણવત્તા ચકાસણીની કામગીરી આગામી એકાદ બે દિવસમં થશે તેમ જાણવા મળેલ છે.

સ્માર્ટ રોડ પ્રોજેક્ટમાં વન વિભાગ અને મનપા તંત્ર વચ્ચે અટવાયેલી મંજૂરીની બાબતને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી અને મનપાએ ડિઝાઈનમાં ફેરફાર કરવાની દર્શાવેલી તૈયારી પછી પણ કામમાં આવેલી રૂકાવટને લઈ પદાધિકારીઓ ચોંકી ઉઠ્યા હોવાનું જાણવા મળેલ છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટને લઈ હવે પદાધિકારીઓ ગંભીર બન્યા છે અને તેમણે દરેક પ્રોજેક્ટ અંગે વિગતવાર જાણકારી સાથેની વિગતોનો અહેવાલ આપવા જણાવ્યુ છે.

ગઈકાલે જ થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન અને ગુણવત્તાને લઈ સ્પષ્ટ સંકેતો અપાયા છે. ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટીના ૧૨ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અને ૧૬ જેટલા પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિ હેઠળ છે. જે પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિ હેઠળ છે તેની સમયાંતરે પદાધિકારીઓ દ્વારા સમીક્ષા થશે તેમ વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ચિંતા : સરગાસણમાંથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો

દસ દિવસમાં સરગાસણમાંથી બીજો કેસ મળતાં તંત્રની ચિંતા વધી : સઘન સર્વેલન્સના આદેશો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી આજે એક કેસ કોરોનાનો મળી આવ્યો છે. આ કેસ સાથે કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૨ પર પહોંચી છે.

દસ દિવસના ગાળામાં સરગાસણમાંથી કોરોનાનો આજે બીજો કેસ મળી આવેલ છે. ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ખાનગી કંપનીમાં નોકરી કરતો આ યુવકે વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળેલ છે. આ દર્દીના સંપર્કમાં આવનાર પાંચ લોકોના સેમ્પલ પણ તંત્ર દ્વારા લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં ધીમી ગતિએ કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. કેસો છુટા છવાયા મળી રહ્યા હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ તંત્રએ મળી રહેલા કેસોને પગલે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન કરવાની તાકીદ કરી છે.

તંત્રએ ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી પણ સઘન રીતે થાય તે માટે સૂચનાઓ આપી છે.

શહેરમાં અગાઉ પાંચ કેસ નોંધાયા હતા પરંતુ ૪ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ એક કેસ એક્ટીવ દર્દી તરીકે હતો. આજે વધુ એક કેસ આવતાં એક્ટીવ દર્દીની સંખ્યા વધીને બે થઈ છે.

તંત્રએ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા પણ તબીબી અધિકારીઓને જણાવ્યુ છે.

રાજ્યમાં કોરોનાના નવા ૪૪ કેસ

ગુજરાતમાં દિનપ્રતિદિન કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજે કોરોનાના નવા ૪૪ કેસ નોંધાયા છે, જ્યારે ૨૩ દર્દીઓ સાજા થયા છે. જેના પગલે રાજ્યનો કોરોના રિકવરી રેટ ઘટીને ૯૮.૭૫ ટકાએ પહોંચી ગયો હતો. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૭૧૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. તો બીજી તફ ૪,૯૩,૩૨૮ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા હતા. જો કે ધીરે ધીરે કોરોનાના વધી રહેલા આંકડા રાજ્ય સરકાર અને નાગરિકોની ચિંતા વધારી રહ્યા છે.

રાજ્યમાં હાલ કુલ ૩૧૨ કોરોનાના એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૩૦૬ નાગરિકો સ્ટેબલ છે. ગુજરાતમાં સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશનમાં ૯ કેસ નોધાયા છે, જ્યારે વડોદરા કોર્પોરેશનમાં ૮ કેસ નોધાયા છે. સુરત કોર્પોરેશનમાં ૬, કચ્છમાં ૪, જામનગર કોર્પોરેશનમાં ૩, વડોદરા ૩, વલસાડમાં ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૨, સુરતમાં ૨, ભરૂચ, ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર કોર્પોરેશન અને નવસારીમાં ૧-૧-૧-૧ કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકાના ફુલપુરા કંપા ગામે ફૂડ પોઈઝનીંગથી ૧૨ ગાયોના મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ફુલપુરા કંપા (પીંપળજ) ગામે આજે વહેલી સવારે ૧૨ ગાયોના મોત અંગેના સમાચારથી જિલ્લાના પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ફૂડ પોઈઝનીંગને કારણે આ પશુઓના મોત નીપજ્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. જો કે પશુપાલનની ટીમે ત્યાંથી પશુદાણ અને મૃત ગાયોના નમૂના લઈ અને તેની ચકાસણી માટે અમદાવાદ મોકલ્યા હોવાનું જાણવા મળેલ છે.

ઝીંડવાના પશુપાલન તબીબી અધિકારીની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી ત્યારે ૮ ગાયની હાલત નાજુક જણાતાં તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી હતી અને આ ૮ ગાયોને બચાવી લેવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

આ ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે ૧૨ જેટલી ગાયો તો મૃત અવસ્થામાં જ મળી હતી.

પશુઓના મોતના સમાચારો વાયુવેગે પ્રસરતાં પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ખેતીના વ્યવસાય સાથે પશુપાલનનો ધંધો કરતા એક ખેડૂત પરિવારની અંદાજે છ લાખ રૂ.ની દુધાળી ગાયોના મોતથી ખેડૂત પરિવારનો તબેલો વિખરાઈ જવા પામ્યો છે.

શહેરમાં ૩૧૫ કરોડના ખર્ચે નવા ૧૪૦૦ આવાસો બાંધવામાં આવશે

સેકટરોમાં જુના અને જર્જરિત મકાનો તોડીને નવા મકાનો બાંધવા હવે સ્થળ પસંદગીની પ્રકીયા હાથ ધરાશે : કર્મચારીઓને સુવિધાયુક્ત રહેણાંક મળે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે યોજનાને મંજુરી આપી : બે વર્ષમાં કામગીરી પુર્ણ કરી દેવાશે : સાત માળના નવા મકાનો બાંધવામાં આવશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં સાડા ચાર દાયકા જુના સરકારી આવાસો ખંડેર બન્યા છે. ત્યારે તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. શહેરમાં જુના મકાનો તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. સેકટરોમાં ૩૧૫ કરોડના ખર્ચે નવા ૧૪૦૦ આવાસો બાંધવામાં આવશે. મુખ્યમંત્રીએ નવા આવાસો બાંધવાના ખર્ચને મંજુરી આપી દેતા ટુંકમાં જ સ્થળ પસંદગી કરીને નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરાશે.

ગાંધીનગર શહેરમાં જુના અને જર્જિરત આવાસો તોડીને તેના સ્થાને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જુના આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જોખમી આવાસો ખાલી કરાવી નવા ટાવરો ઉભા કરવામાં આવે છે. સાત મજલાના મકાનોને કોર્પોરેટ લુક આપીને કર્મચારીઓ માટે સુવિધાયુક્ત મકાનો બાંધવા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે આ મામલે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી અગાઉ રૂ ૩૧૫ કરોડના ખર્ચે નવા મકાનો બાંધવા માટે સરકારને દરખાસ્ત કરી હતી.

જયારે આ મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ આવાસ નિર્માણના કામને આજે મંજુરી આપી દીધી છે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૧૪૦૦ આવાસો બાંધવા માટે રૂ ૩૧૫ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. શહેરમાં દાયકાઓ જુના ખંડેર આવાસો તોડીને કર્મચારીઓ માટે અદ્યતન સુવિધાવાળા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સાત મજલાના આ મકાનોને અનુલક્ષી સઘળી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવે છે. જેમાં બગીચા, પાર્કીંગ, ફાયર સેફટી, લીફટ રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્મમ, કમ્પાઉન્ડ વોલ પેવર બ્લોક સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે.હાલની સ્થિતિએ શહેરમાં રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી જેના લીધે કર્મચારીઓને મકાન ફાળવવાનુ કામ શિરદર્દ સમાન બન્યુ છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. એક મહીના અગાઉ પણ પ્રતિક્ષા યાદી ૭૦૦ ની આસપાસ હતી જયારે હાલ પણ સે-૬ અને સે-૨૯ માં મકાનો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં તબક્કાવાર વિવિધ કક્ષાના આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે સાડા ચાર દાયકાના અંતે ભયજનક બનતા મકાનોનો હવે ધીમે ધીમે કડુસલો કરવામાં આવી રહ્યો છે.

શહેરમાં હાલની સ્થિતિએ વિવિધ કક્ષાના ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હાલતમાં છે. ત્યારે તંત્ર દ્વારા જોખમી મકાનો પણ ખાલી કરાવામાં આવી રહ્યા છે. જયારે ખાલ આવાસોને તોડવા માટે મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

નવા આવાસો બાંધવા માટે ટુંકમાં ખુલ્લી જગ્યાનો સર્વે હાથ ધરવામાં આવશે. ત્યારબાદ સ્થળ પસંદગી કરાશે સે-૬ માં પણ થોડા દિવસો અગાઉ જ નવા આવસોનુ લોકાર્પણ કરાયુ હતુ જયારે હજુ પણ નવા ૧૪૦૦ આવાસો બાંધવાની યોજના મંજુર થતા આગામી બે વર્ષમાં શહેરમાં કર્મચારીઓના વસવાટ માટે આવાસ નિર્માણની સમસ્યા હલ થઈ જશે. જો કે હજુ સ્થળ પસંદગી સહીતની પ્રકીયાના અંતે નવા આવાસો બાંધવાની કામગીરી શરૂ થતા સમય લાગશે.

સે-૨૯ માં વંદે માતરમ પાર્કની સામે નવા ૨૮૦ આવાસો બાંધવામાં આવશે

શહેરમાં સે-૨૯ ખાતે છ કક્ષાના ૨૮૦ મકાનો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે છેલ્લા ઘણાં સમયથી નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી થતી ન હતી. જયારે હવે સ્થળ સ્થિતિનો અભ્યાસ કરીને વિભાગ કક્ષાએથી સે-૨૯ માં જ નવા ૨૮૦ આવાસો બાંધવાનો નિર્ણય લેવાયો છે. સે-૨૯ માં કુલ ૫૬૦ મકાનો બાંધવા માટે અંદાજિત રૂ ૧૩૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષીને પણ ઝડપથી મકાનો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવે તે દિશામાં તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સે-૨૯ માં વંદે માતરમ -૨ ની સામેની જગ્યામાં સ્થિત આવાસો ખાલી કરાવી આ મકાનો તોડી નાંખવામાં આવશે જયારે ખાલી જગ્યા પર નવા મકાનો બાંધવા માટે કામ શરૂ કરાશે. જો કે નવી આવાસ યોજનાની સાઈટ પર મોટાભાગના આવાસો ખાલી છે. બાકી રહેતા મકાનો ખાલી થયા બાદ જોખમી આવાસોનો કડુસલો કરી નવા મકાનો બાંધવા માટે કામ શરૂ કરાશે

છેલ્લા પાંચ વર્ષમાં ૧૬૮૦ મકાનો નવા બાંધવામાં આવ્યા

ગાંધીનગરમાં દાયકાઓના અંતે ખંડેર બનેલા મકાનોનો નિકાલ કરીને તેના સ્થાને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી સેકટરોમાં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરી કર્મચારીઓને સુવિધાયુક્ત આવાસો પુરા પાડવાની યોજના હાથ ધરવામાં આવી છે. સૌ પ્રથમ શહેરમાં સે-૭ માં નવા આવાસોનુ નિર્માણ કરાયુ હતુ સે-૭ માં સી કક્ષાના ૩૩૬, સે-૨૯ માં બી કક્ષાના ૪૪૮ અને સે-૩૦ માં જ કક્ષાના ૩૩૬ મકાનો તૈયાર કરાયા હતા. જેમાં હાલ કર્મચારીઓના પરિવારનો વસવાટ છે. આ ઉપરાંત સે-૬ માં ૫૬૦ આવાસો તૈયાર કરાયા છે. છેલ્લા પાંચ વર્ષમાં માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં ૧૬૮૦ મકાનો તૈયાર કરાયા છે. જે હવે રહેણાંકના હેતુથી કર્મચારીઓને પણ ફાળવી દેવાયા છે. આગામી દિવસોમાં હજુ નવા મકાનો તૈયાર કરાશે અગાઉ પણ માર્ગ મકાન મંત્રીએ જણાંવ્યુ હતુ કે કર્મચારીઓને રહેણાંક માટે પુરતા આવાસો બનાવાનુ આયોજન કરાયુ હોવાથી આગામી વર્ષોમાં આ પ્રશ્ન હલ થઈ જશે.

૧૪૫૬ આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ

ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ પાંચ વર્ષમાં શહેરના જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૪૫૬ જેટલા નવા મકાનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જેમાં સે-૬ માં થોડા દિવસો અગાઉ જ ૫૬૦ જેટલા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સેકટરમાં બી કક્ષાના ૨૮૦ સી કક્ષાના ૩૩૬ ચ કક્ષાના, ૨૮૦ ચ કક્ષાના આ ઉપરાંત સે-૨૯ માં છ કક્ષાના ૨૮૦ મકાનોના નિર્માણનુ કામ પણ હાલ ચાલી રહ્યુ છે. આગામી એક વર્ષમાં આ મકાનો પણ તૈયાર થઈ જશે. જેના લીધે શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે.

રાંધેજા રેલ્વે ફાટક પાસે ટ્રેલર નીચે રીક્ષા ચગદાઈ જતા બે ના મૃત્યું :૧ ગંભીર

રીક્ષાચાલકનો આબાદ બચાવ, જગુદણ થી ગાંધીનગર આવી રહ્યા હતા, મૃતકોની ચીચીયારીઓથી વાતાવરણ ગમગીન બન્યું, ટ્રેલર ચાલકની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-માણસા માર્ગ પર આજે બપોરના સુમારે રાધેજા રેલ્વે ફાટક પાસે ટ્રેલર અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અખસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકના ચાલકે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી આગળ જઈ રહેલી રીક્ષાને ટકકર મારી હતી. ટ્રકની ટકકર થી રીક્ષા બાજુમાં ખાડામાં ઉતરી ગઈ હતી, ત્યારે પાછળ ટ્રક પણ ખાડામાં ધસી જતા રીક્ષા ચગદાઈ ગઈ હતી. ત્યારે રીક્ષામાં સવાર પરિવારની ચીચીયારીઓથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ બનાવમાં રીક્ષામાં સવાર પતિ-પત્નિનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. જયારે ૧૯ વર્ષિય યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો છે. જયારે આ ગંભીર અકસ્માતમાં રીક્ષા

● અનુસંધાન પાન-૬ પર

અધિકારી-કર્મચારીઓનો કાળી પટ્ટી ધારણ કરી પડતર પ્રશ્નો મુદ્દે સૂત્રોચ્ચાર

ગુજરાત રાજ્ય કર્મચારી-શિક્ષક-અધિકારી લડત સમિતિના નેજા હેઠળ અધિકારી-કર્મચારીઓએ આજે પડતર પ્રશ્નોના મુદ્દે કાળી પટ્ટી ધારણ કરી સચિવાલય ખાતે સૂત્રોચ્ચાર કર્યા હતા. કર્મચારીઓના પ્રશ્નોમાં મુખ્યત્વે એન.પી.એસ. પ્રથા બંધ કરી પેન્શન યોજના ફરીવાર ચાલુ કરવી, ભારત સરકારના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને જુલાઈ-૨૧ થી ૩ ટકા મોંઘવારી ભથ્થું આપવું, પંચાયત બોર્ડ નિગમ નગરપાલિકા, ગ્રાંટ ઈન એઈડ સંસ્થાઓ યુનિવર્સિટિ તેમજ વર્કચાર્જ-રોજગાર કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ આપવો, વર્ગ-૩ અને ૪ માં આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી ભરતી કરવી, ગાંધીનગરમાં આપેલ કર્મચારીઓને રાહતદરના પ્લોટ અન્ય જિલ્લાના કર્મચારીઓને પણ આપવા જોઈએ. ત્યારે પોતાના પડતર પ્રશ્નો મુદ્દે અધિકારી-કર્મચારીઓએ સરકાર સામે મોરચો માડ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com